**૧૭/૦૫/૨૦૨૧**

**પ્રતિ,**
**શ્રી વિજયભાઈ રૂપાણી,**
**માન.મુખ્યમંત્રીશ્રી અને માન.મંત્રીશ્રી,**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**
**સ્વર્ણિમ સંકુલ-1, ત્રીજો માળ, સેકટર-10,**
**નવા સચિવાલય, ગાંધીનગર - 382010**

**<u>વિષયઃ પ્લાન પાસ અંગેની રજુઆતો</u>**

મહોદયશ્રી,

**૧. ODPS બાબતની વિકાસ પરવાનગીની સત્તા ઇન્ચાર્જ ટાઉન પ્લાનરને આપવા બાબત**

સવિનય સહ જણાવવાનું કે સરકારશ્રી દ્વારા ODPS સીસ્ટમ શરૂ કરવામાં આવેલ છે. તેમાં ઓનલાઇન પ્લાન મંજુર થાય પછી તરત પેમેન્ટ ભરવાનું હોય છે અને નોડલ ઓફીસરને પરવાનગી આપવાની હોય છે. પરંતુ આપણે ત્યાં સબ ડીવીઝનલ, એમલગેશન, પેટ્રોલપંપ, DW1, DW2 વગેરે પ્લાનો પણ કમિશ્નર સુધી મંજુરી માટે જાય છે. જયારે બીજા શહેરોમાં તેની મંજુરી ટી.ડી.ઓ. દ્વારા આપવામાં આવે છે અને વિકાસ-પરવાનગી આપવામાં આવે છે. આપણે ત્યાં અગાઉ પણ પ્લાન મોડીફીકેશનની પરવાનગી ઇન્ચાર્જ ટી.ડી.ઓ. દ્વારા આપવામાં આવતી હતી. જેથી અમારી વિનંતિ છે કે ઉપરોકત પરવાનગી ઇન્ચાર્જ ટાઉન પ્લાનર દ્વારા આપવામાં આવે તો શહેરના વિકાસને વેગ મળે અને પ્લાન-મંજુરીની પ્રક્રિયા ઝડપી બને.

**૨. મેટ્રો ટ્રેનનાં રૂટમાં પ્લાન મંજુરી બાબત.**

સુરત શહેરમાં જયાંથી મેટ્રો ટ્રેન પસાર થાય છે ત્યાં મેટ્રો સ્ટેશન તથા મેટ્રોની સ્ટેરકેસ આવતી હોય તેવી જગ્યાઓમાં પ્લાન મંજુરી માટે પ્લોટ વેલીડેશનના અભિપ્રાય આપવામાં આવતા નથી. તો તે બાબતે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન જો સંકલન કરીને પ્લાન-મંજુરી મળવે તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી વિનંતિ છે.

**૩. ATRIUM ને એફ.એસ.આઈ. માંથી બાદ આપવા બાબત.**

અમારી સંસ્થાના સભ્યોએ ATRIUM ને એફ.એસ.આઈ. માંથી બાદ આપવા માટે અમને વિવિધ રજુઆતો કરેલ છે. તાજેતરમાં આવેલ ટોલ બિલ્ડીંગની વ્યાખ્યામાં ATRIUM ને એફ.એસ.આઈ. માંથી બાદ કરવાની જોગવાઈ કરેલ છે અને તેને CGDCR માં સમાવેશ કરેલ છે તો આપ બાકીની બિલ્ડીંગોના ATRIUM પણ એફ.એસ.આઈ. માંથી બાદ આપો એવી અમારી નમ્ર અરજ છે.

**૪. બિલ્ડીંગ માં ૪.૫ મીટર ના માર્જીન છોડ્યા બાદ રીકવાયર્ડ પાર્કિંગ આપવા બાબત.**

CGDCR માં મુદ્દા નં.૮ માં (Parking shall be permitted in side or rear margins except in approach road as per reg. no. 6.7.3(11)

મુદ્દા નં.૧૭ (Notwithstanding anything contained in clauses no.1 to 16 above, ramp, vehicular elevator / lift leading to basement or upper floors and parking at ground level shall be provided in such a manner that 4.5 mts. clear stretch of space is kept for the movement of fire equipment and machineries. Provided that in case of parking to be provided in front margin as per clause No. 6.15(9) and 6.15(10) shall be applicable. Provided that, if ramp leads to the podium, in such cases vehicular elevator shall be permissible after keeping required margin as mentioned in podium regulation No. 6.14

ઉપરોક્ત મુદ્દાઓનું અર્થઘટન કરતા કોઈપણ બિલ્ડીંગમાં ૪.૫ મીટરનું માર્જીન છોડ્યા બાદ તેમાં ગ્રાઉન્ડ લેવલનું રીકવાયર્ડ પાર્કિંગ આપી શકાય તેમ છે તો આપને નમ્ર વિનંતી કે આપ તે મંજુર કરશો. ૪ એફ.એસ.આઈ.ના બિલ્ડીંગ્સમાં ૫૦% પાર્કિંગ અનિવાર્ય છે અને તેનું ૨૦% પાર્કિંગ મુલાકાતીઓ (વિઝીટર્સ) માટે જરૂરી છે અને ૫૦% પાર્કિંગ ગ્રાઉન્ડ લેવલ પર હોવુ જરૂરી છે. જો આ માર્જીન ૪.૫ મીટરના માર્જીન છોડ્યા બાદ બાકી રહેતી જગ્યામાં પાર્કિંગ આપવામાં ન આવે તો રીકવાયર્ડ ગ્રાઉન્ડ ફ્લોરનું પાર્કિંગ મોટાભાગના બિલ્ડીંગ્સમાં શક્ય નથી તો અમારી નમ્ર અરજ છે કે અમોને ૪.૫ મીટરનું માર્જીન છોડ્યા બાદ રીકવાયર્ડ પાર્કિંગ ગ્રાઉન્ડ લેવલ પર આપવા માટે મહેરબાની કરશો.

**૫. ૪.૫ મીટર ના માર્જીન છોડ્યા બાદ રેમ્પ તેમજ પાર્કિંગ લીફ્ટની મંજુરી આપવા બાબત.**

ઉપરોક્ત મુદ્દા નં.૮, ૧૭ તથા મુદ્દા નં.૨૦ Vehicular Ramp: Connecting ground level with basement level-1 shall be permitted in side and rear margin as per Table No. 1.4.1 for માં જણાવ્યા મુજબ ૪.૫ મીટરના માર્જીન છોડ્યા બાદ રેમ્પ તેમજ પાર્કિંગ માટેની લીફ્ટની મંજુરી આપવા માટે આપને નમ્ર વિનંતી છે.

**૬. ટુ વ્હીલર લીફ્ટના ડાઈમેન્શન બાબત.**

CGDCR માં part-**III** page no-18 table no-13.9 વ્હીકલ લીફ્ટની વ્યાખ્યાના ડાઈમેન્શન આપવામાં આવ્યા છે પરંતુ તેમાં માત્ર કારના ડાઈમેન્શન આપવામાં આવ્યા છે. જેથી અમોને તેમાં ટુ વ્હીલર અંગે લીફ્ટ આપવી હોય તો તેમાં અમને મુશ્કેલી નડે છે તો આપને નમ્ર વિનંતી છે કે, આપ ટુ વ્હીલર લીફ્ટના ડાઈમેન્શન બાબતે સ્પષ્ટતા થાય એ મુજબ માર્ગદર્શન આપશો.

**લિ. આપના વિશ્વાસુ**







| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઈ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્‌મંત્રી** |
| **ક્રેડાઈ-સુરત** | **ક્રેડાઈ-સુરત** | **ક્રેડાઈ-સુરત** |

**નકલ રવાનાઃ**

**૧.** એડીશનલ પ્રિન્સીપાલ સેક્રેટરીશ્રી મુકેશભાઇ પુરી સાહેબ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, બ્લોક નં.14, 9 મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

**૨.** ચેરમેનશ્રી સુડા, સુડાભવન, વેસુ, સુરત.

**૩.** ચીફ ટાઉન પ્લાનરશ્રી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેકટર-10, ગાંધીનગર.

**૪.** ઓ.એસ.ડી. શ્રી દત્તા સાહેબ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, બ્લોક નં.14, 9 મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

**૫.** પ્રિન્સિપાલ સેક્રેટરી ટુ સી.એમ. શ્રી એમ.કે.દાસ સાહેબ, સ્વર્ણિમ સંકુલ-૧, ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

**૬.** ટાઉન પ્લાનર શ્રી રાજેશ રાવલ સાહેબ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેકટર-10, ગાંધીનગર.